# પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના ગુજરાતી વિષયના શબ્દભંડોળનો અભ્યાસ

જાગૃતિબેન પટેલ
આચાર્યા,
જ્ઞાનદા ગર્લ્સ હાઈસ્કૂલ, ઘાટલોડિયા-અમદાવાદ

## ૧. પ્રસ્તાવના

*શિક્ષણનું સર્વસામાન્ય ધ્યેય બાળકોના સર્વાંગી વિકાસ કરવાનો છે. ત્યારે સહજ અને સરળ રીતે પોતાની આકાંક્ષાઓ અને ઉન્મેષોને વાચા આપવામાં ઉપયોગી એવી માતૃભાષા શિક્ષણનું માધ્યમ ન હોય તો આ ધ્યેય સિદ્ધ થઈ શકે જ નહિ! કાકાસાહેબ કાલેલકર માતૃભાષા શિક્ષણના માધ્યમ તરીકે કેટલી સક્ષમ છે તેનો ખ્યાલ આપતાં નોંધે છે કે, "માતૃભાષા એ શિક્ષણક્ષેત્રમાં ચાળણી છે, જે માહિતી ભાષા દ્વારા ન આપી શકાય તે બીજા રૂપમાં હજમ કરી ન શકે."*

*આમ, માતૃભાષા વિના શિક્ષણ અધુરું છે. માનવસમાજ ભાષાના માધ્યમથી પ્રત્યાયન કરે છે. વિચારો વ્યક્ત કરવાનું એક સાધન એટલે ભાષા. ભાષા એ પરસ્પરને સમજવાનું એક મૂલ્યવાન માધ્યમ છે. ભાષા માનવી-માનવી વચ્ચેના તથા માનવી અને સમાજ વચ્ચેના પ્રત્યાયન માટેનું એક સબળ અને સફળ સાધન છે. વ્યક્તિ પોતાના સર્વ વ્યવહારો માતૃભાષા દ્વારા સરળતાથી, સ્પષ્ટતાથી, અને સચોટતાથી અન્ય વ્યક્તિ આગળ રજૂ કરી શકે છે. એટલે કે માનવી પોતાના વિચારો, મંતવ્યોને અસરકારક રીતે માતૃભાષા દ્વારા જ વ્યક્ત કરી શકે છે. તેવી જ રીતે અન્ય વ્યક્તિના વિચારો, લાગણીઓ અને ઉર્મિઓનું અર્થગ્રહણ પણ પોતાની ભાષામાં જ તે વધુ સારી રીતે કરી શકે છે.*

*"ભાષા એટલે ધ્વનિ સંકેતો દ્વારા વિચારોની અભિવ્યક્તિ."*- **સ્વીટ**

*'ભાષાએ યાદચ્છિક ધ્વનિ સંકેતોની વ્યવસ્થા છે. જેના દ્વારા કોઈ એક સમાજનાં સભ્ય તરીકે અને સંસ્કૃતિના ભાગીદાર તરીકે માનવી અરસ-પરસ આંતરક્રિયા કરે છે અને સંસર્ગ રાખે છે.*

**- બ્રિટન સર્વ વિદ્યા સંગ્રહ**

*આમ, મનુષ્યનો જીવન વ્યવહાર ભાષા દ્વારા સરળ અને સુગમ બને છે. ભાષાના વિવિધ અંગો છે. ઉચ્ચારણ અથવા ધ્વનિતંત્ર, શબ્દ ભંડોળ, અર્થ અને વ્યાકરણ. બાળક ક્રમશઃ આ બધા અંગો ઉપર પોતાનો કાબૂ મેળવતો જાય છે. આ બધા અંગોમાં શબ્દભંડોળ બાળકના ભાષા વિકાસનું મહત્વનું અંગ છે. શબ્દની સાથે ભાષા સંકળાયેલી છે. વર્ણ ધ્વનિમાંથી શબ્દ અને શબ્દમાંથી વાક્યની રચના થાય છે. અને અનેક વાક્યોનું લેખન કે ઉચ્ચારણ એ ભાષા, એ સાદું ગણિત હરકોઈની નજરમાં તરવરે છે. ભાષાની સમૃદ્ધિ શબ્દભંડોળ ઉપર છે. વિદ્યાર્થી પાસે જેટલું સમૃદ્ધ શબ્દભંડોળ તેટલું તેનું ભાષા સામર્થ્ય વિશેષ. જ્યારે એનાથી ઉલટું જેની પાસે શબ્દભંડોળ ઓછું તેની ભાષા વ્યક્તિત્વ નબળી રહેવાની. ભાષા લલિત, સુબોધ, સાર્થક અને સમૃદ્ધ બને એ ભાષા શિક્ષણના મૂળભુત હેતુની સિદ્ધ માટે વિદ્યાર્થીઓના શબ્દભંડોળને વિસ્તૃત કરવું અત્યંત આવશ્યક છે. શબ્દભંડોળ દ્વારા જીવન વ્યવહારની સરળતા અને સફળતા પ્રાપ્ત કરી શકાય. ભાષાકીય પ્રભુત્વ પણ શબ્દભંડોળ દ્વારા જ મેળવી શકાય. પણ હજુ આપણા વિદ્યાર્થીઓમાં ભાષાના વિવિધ કૌશલ્યો સંતોષપ્રદ રીતે શીખવી શક્યા નથી.*

આજના ઝડપી કોમ્પ્યુટર અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજીના યુગમાં વિદ્યાર્થી જેટલા શબ્દો જાણે છે તે પર્યાપ્ત ન કહી શકાય. વર્તમાન સમય સાથે ચાલવા અને સ્પષ્ટ તથા સચોટ રજૂઆત કરવા માટે મોટા શબ્દભંડોળનું જ્ઞાન જરૂરી છે. બાળકના શારીરિક વિકાસમાં જે સ્થાન માતાના દૂધનું છે, તેમ બાળકના માનસિક વિકાસમાં તે જ સ્થાન માતૃભાષાનું છે. જે બાળકની માતાએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ હશે તો તેના બાળકમાં શબ્દોનો વિકાસ વધુ જોવા મળે છે. જે વ્યક્તિ પાસે ભાષાની શુદ્ધિ હશે અને વિસ્તૃત શબ્દભંડોળ હશે એ વ્યક્તિ હંમેશા આગેવાન કે નેતા તરીકે આપો-આપ મોખરે રહે છે. જેના ઉત્તમ ઉદાહરણ છે. સોક્રેટિસ, મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ વગેરે.

**૨. સમસ્યા કથન**

પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના ગુજરાતી વિષયના શબ્દભંડોળનો અભ્યાસ

**૩. પારિભાષિક શબ્દોની વ્યાખ્યા**

**● પ્રાથમિક શાળા**

ગુજરાત સરકારની નવી યોજના પ્રમાણે ધોરણ 1 થી 5 ને નિમ્ન પ્રાથમિક અને ધોરણ-6 થી 8ને ઉચ્ચ પ્રાથમિક ગણવામાં આવેલ છે. આ શાળાઓ જિલ્લા શિક્ષણ સમિતિ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત હોય છે. અથવા ખાનગી માન્ય શાળાઓ હોય છે.

**● શબ્દભંડોળ**

-બૃહદ ગુજરાતી શબ્દકોશ પ્રમાણે,

શબ્દભંડોળ એટલે શબ્દોનો સમૂહ અથવા વિવિધ પ્રકારનાં શબ્દોનાં રૂપમાં રહેલી મૂડી કે જેનો વક્તા કે લેખક મુક્ત રીતે ઉપયોગ કરે.

"બાળવિકાસના ચોક્કસ તબક્કાઓ કે કક્ષાએ શીખવવાનાં શબ્દોની યાદી."

પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ જેટલાં શબ્દો ગુજરાતીમાં જાણવા જોઈએ તેવી અપેક્ષા સાથે તૈયાર કરવામાં આવેલી શબ્દોની યાદી એ શબ્દભંડોળ છે.

**● સૈદ્ધાંતિક વ્યાખ્યા**

"જે શબ્દો આપેલાં સંદર્ભમાં વ્યક્તિ ઓળખી શકે, પરંતુ પોતાના બોલવામાં અને લખવામાં તેનો ઉપયોગ ન પણ કરતાં હોય તેવા શબ્દોની યાદી"

**● વ્યાવહારિક વ્યાખ્યા**

"અન્ય ભાષાઓમાંથી આવેલા શબ્દોનો સમૂહ એટલે શબ્દભંડોળ"

**● અભ્યાસ**

"અભ્યાસ એટલે માહિતી મેળવવી, જાણવી, કંઈક નવુ શીખવું, એવો સામાન્ય અર્થ થાય છે. પરંતુ આપણે અહીં ફક્ત પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટેના અભ્યાસને ધ્યાનમાં લઈશું."

**● સૈદ્ધાંતિક વ્યાખ્યા**

"કોઈ વિષયમાં સંશોધન કરવું કે સંશોધનનું ઊંડાણપૂર્વક વિવેચન કરવું."

**● વ્યાવહારિક વ્યાખ્યા**

"પોતાના પ્રયત્નથી કોઈપણ વિષય અંગે જ્ઞાન મેળવવાની ક્રિયાને અભ્યાસ કહે છે."

જ્ઞાન પ્રાપ્ત કરવા માટે કોઈપણ પુસ્તક, કળા કે વિષય ઉપર માનસિક શક્તિનો ઉપયોગ કરવો, કોઈપણ વિષયનું સંશોધન કરવું, તેનું ઝીણવટપૂર્વક કાર્ય કરવું તેને અભ્યાસ કહીશું.

**૪. અભ્યાસના હેતુઓ**

*કોઈપણ અભ્યાસની પાછળ કોઈને કોઈ હેતુ રહેલો છે. હેતુ વગરનો અભ્યાસ સુકાન વિનાની નાવ જેવો છે. કોઈપણ ક્ષેત્રમાં અભ્યાસનાં હેતુઓ અભ્યાસને સફળતાપૂર્વક પાર પાડવા માટે દિશા સૂચન કરે છે.*

*પ્રસ્તુત અભ્યાસકાર્યને અનુલક્ષીને નક્કી કરેલા હેતુઓ આ પ્રમાણે છે.*

1. *ધોરણ-૫માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના ગુજરાતી શબ્દભંડોળની ચકાસણી કરવી.*
2. *શબ્દભંડોળ કસોટીની રચના કરી, અજમાયશ કરી અંતિમ સ્વરૂપ આપવું.*
3. *શબ્દભંડોળ કસોટીનાં આધારે વિદ્યાર્થીઓનાં શબ્દભંડોળની કક્ષા નક્કી કરવી.*
4. *શબ્દભંડોળની કક્ષાની વિદ્યાર્થીઓની જાતિની અસર તપાસવી.*
5. *શબ્દભંડોળની કક્ષા પર વિદ્યાર્થીઓના માતા-પિતાના શિક્ષણનાં સ્તરની અસર તપાસવી.*

**૫. અભ્યાસની ઉત્કલ્પનાઓ**

$Ho_1$ *શબ્દભંડોળની કક્ષા પર વિદ્યાર્થીઓની જાતિની સાર્થક અસર નહિં હોય.*

$Ho_2$ *શબ્દભંડોળની કક્ષા પર વિદ્યાર્થીઓની માતાના શિક્ષણના સ્તરની સાર્થક અસર નહિં હોય.*

$Ho_3$ *શબ્દભંડોળની કક્ષા પર વિદ્યાર્થીઓના પિતાના શિક્ષણના સ્તરની સાર્થક અસર નહિં હોય.*

**૬. અભ્યાસમાં સમાવિષ્ટ ચલો**

*પ્રત્યેક સંશોધનમાં 'ચલ'નો અભ્યાસ થાય છે. ચલ માટે 'પરિવર્ત્ય' શબ્દ પણ વપરાય છે. મુસર અને શુસલર 'ચલ'ની વ્યાખ્યા આપતાં કહે છે કે,*

*"જે કોઈ વસ્તુ કે ઘટનાનો જથ્થો કે ગુણ ક્રમિક નિરીક્ષણોમાં બદલાતો રહે છે જેમાં વધઘટ થતી રહે, તેમાં ફેરફાર થતો રહે તેને ચલ કે પરિવર્ત્ય કહેવાય."*

*સામાન્ય રીતે ચલના પાંચ પ્રકારો છે.*

1. *સ્વતંત્ર ચલ*
2. *પરતંત્ર ચલ*
3. *પરિવર્તક ચલ*
4. *અંકુશિત ચલ*
5. *આંતરવર્તીય ચલ*

*પ્રસ્તુત અભ્યાસના ચલ આ પ્રમાણે હતા.*

- **સ્વતંત્ર ચલ**

*સ્વતંત્ર ચલ એ એવો ચલ છે કે જેને સંશોધક કોઈ અન્ય ચલમાં ફેરફાર લાવવા માટે લાગુ પાડે કે તેમા ફેરફાર કરે છે. તેમજ અન્ય ચલ પર તેની શી અસર થશે તે જાણવા માટે તેને પસંદ કરે છે.*

*પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ નીચે જણાવ્યા મુજબ નક્કી કરવામાં આવે છે.*

**-જાતિ**
**-માતાના શિક્ષણનું સ્તર**
**-પિતાના શિક્ષણનું સ્તર**

- **પરતંત્ર ચલ**

*સ્વતંત્ર ચલનો અમલ કરવાથી કે તેમાં ફેરફાર કરવાથી જે ચલમાં ફેરફાર થાય છે તે અસર પામનાર ચલને પરતંત્ર ચલ તરીકે ઓળખવામાં આવે છે.*

*પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતી શબ્દભંડોળની કક્ષાને પરતંત્ર ચલ તરીકે ધ્યાનમાં લીધું છે.*

**૭. અભ્યાસનું ક્ષેત્ર**

*સંશોધન જુદા જુદા અનેક ક્ષેત્રો સાથે જોડાયેલું છે. તેમાંથી સંશોધક પોતાને અનુકૂળ ક્ષેત્ર પસંદ કરતાં હોય છે. જીવન સાથે સંકળાયેલા આવા અનેક ક્ષેત્રો જેવાકે શૈક્ષણિક, વૈજ્ઞાનિક, તબીબી, ખેતી,ઉદ્યોગ, વાણિજ્ય વગેરે. આ પૈકી પ્રસ્તુત સંશોધન શૈક્ષણિક ક્ષેત્ર સાથે સંકળાયેલું છે.*

*શૈક્ષણિક સંશોધનના વિવિધ ક્ષેત્રો આ પ્રમાણે છે.*

1.*શિક્ષણનું તત્વજ્ઞાન*
2.*શિક્ષણનું મનોવિજ્ઞાન*
3.*શિક્ષક અને શિક્ષણ પ્રશિક્ષણ*
4.*અધ્યયન-અધ્યાપન*
5.*શૈક્ષણિક સિદ્ધિના સહસંબંધાંકો*
6.*શૈક્ષણિક સમસ્યાઓ*
7.*અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક*
8.*કસોટીની રચના અને પ્રમાણીકરણ*
9.*શૈક્ષણિક મૂલ્યાંકન અને પરીક્ષણ*
૧૦.*શૈક્ષણિક વ્યવસ્થાપન અને સંચાલન*
11.*શૈક્ષણિક ટેક્નોલોજી*
12.*સલાહ અને માર્ગદર્શન*

*પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે શબ્દભંડોળ કસોટીની રચના કરી હતી. જેનો મૂળ હેતુ વિદ્યાર્થીઓની શબ્દભંડોળની કક્ષા માપવાનો હતો. આ ઉપરથી કહી શકાય કે સંશોધકે અભ્યાસ માટે પસંદ કરેલ સમસ્યા શૈક્ષણિક ક્ષેત્ર સાથે વધુ સબંધિત છે.*

**૮. અભ્યાસનું મહત્વ**

*કોઈ પણ સંશોધન થાય છે તેનું મહત્વ હોય છે. તેના મહત્વ વગર સંશોધન થઈ શક્તું નથી. તેથી સંશોધકે સામાન્ય તથા નિર્ધારિત હેતુઓને ધ્યાનમાં રાખીને સંશોધન હાથ ધર્યું છે.*

*કોઈપણ ભાષાની સમૃદ્ધિ તેનાં શબ્દભંડોળ પર આધારિત છે. શબ્દો વડે વાક્યો બને છે, એટલે શબ્દ એ ભાષાનો એકમ છે. સામાન્ય રીતે બાળકનું શબ્દભંડોળ જેટલું વિસ્તૃત તેટલી તેની વાંચનશક્તિ વ્યાપક અને વિસ્તૃત હોય છે. તેથી જ આ સંશોધન અગત્યની દિશા સૂચવે છે.*

*-પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે શબ્દભંડોળની જાણકારી મેળવવા માટે જરૂરી બનશે.*

*-વિદ્યાર્થીઓ નવા શબ્દો શીખી પોતાના અભિવ્યક્તિ કૌશલ્યમાં અસરકારક્તા લાવી શકશે.*

*-પ્રસ્તુત સંશોધન દ્વારા પ્રાથમિક શાળામાં અધ્યાપન કરાવતાં શિક્ષકો માટે ઉપયોગી બનશે.*

*-શબ્દભંડોળની વિશેષ ક્ષમતા ધરાવનાર વિદ્યાર્થીઓને અલગ તારવી શકાય અને આ માટે યોગ્ય શૈક્ષણિક માર્ગદર્શન આપવા માટે દિશાસૂચનો મેળવી શકાય.*

*-પ્રસ્તુત લઘુસંશોધન પાઠ્યપુસ્તકનાં લેખકો માટે તથા અન્ય જાણકારી મેળવવા માંગતા વ્યક્તિઓ માટે ઉપયોગી બનશે.*

*-પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે સાંકળરૂપ બનશે.*

*-ગુજરાતમાં અનેક જાતિનાં લોકો રહે છે અને વિસ્તાર મુજબ ભાષા જુદી જોવા મળે છે. આવા સમયે શબ્દભંડોળનો ઉપયોગ જરૂરી બનશે.*

-વિદ્યાર્થીઓ કેવા પ્રકારનાં શબ્દોમાં વધુ ભૂલ કરે છે તે જાણી શકાય છે તેને કારણે શિક્ષક પોતાની શિક્ષણ પદ્ધતિ પણ નક્કી કરી શકે, તેવાજ શૈક્ષણિક સાધનોની રજૂઆત કરી શકે.

## ૯. અભ્યાસની મર્યાદાઓ

સામાન્યત: શૈક્ષણિક અભ્યાસકાર્યનાં ક્ષેત્રમાં વ્યાપક્તા હોય એ સહજ છે. પરંતુ સમગ્ર વ્યાપક્તાને લક્ષમાં લેતા સંશોધક સમક્ષ એક યા બીજા પ્રકારની મુશ્કેલીઓ આવવાની સંભાવના રહે છે અને તે માટે સંશોધનકારો પોતાના અભ્યાસકાર્યને મર્યાદિત કરે છે.

પ્રસ્તુત સંશોધન કાર્ય એક શૈક્ષણિક સંશોધન છે અને તેથી તેનો વ્યાપ ખૂબજ વિશાળ હોવાથી આ કાર્યને સરળતાથી પાર પાડવાનાં હેતુથી તેનું ક્ષેત્ર મર્યાદિત કર્યું હતું.

1.પ્રસ્તુત અભ્યાસ માત્ર ગુજરાતી માધ્યમની શાળામાં અભ્યાસ કરતાં પ્રાથમિક શાળાના ધોરણ-૫ના વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત હતો.

2.પ્રસ્તુત અભ્યાસ વિરમગામ તાલુકાની અમુક શાળાઓ પૂરતો જ મર્યાદિત હતો.

3.પ્રસ્તુત અભ્યાસ લેખિત શબ્દભંડોળ પૂરતો મર્યાદિત હતો. શબ્દભંડોળના પ્રકારને ધ્યાનમાં લેવામાં આવ્યું નથી.

4.શબ્દભંડોળ કસોટી શિક્ષકનિર્મિત હોઈ તેની તમામ મર્યાદાઓ અભ્યાસની મર્યાદાઓ બને છે.

## ૧૦. વ્યાપવિશ્વની વ્યાખ્યા

કોઈ પણ વિષયનો અભ્યાસ કરવા માટે આપણે કોના પર અભ્યાસ કરવાનો છે તે ખૂબ જ મહત્વનું છે. કોઈપણ વિષયના અભ્યાસ માટે વ્યાપવિશ્વ અગત્યનું બની જાય છે. કોઈપણ શૈક્ષણિક સમસ્યાની તમામ બાબતોને સમાવિષ્ટ કરી વિશદ રીતે જેના પર ઉંડો અભ્યાસ કરવામાં આવે તેને વ્યાપવિશ્વ કહેવામાં આવે છે. આથી જ્યાં સુધી વ્યાપવિશ્વને વ્યાખ્યાયિત કરાતું નથી ત્યાં સુધી અભ્યાસનું કાર્યક્ષેત્ર નક્કી થતું નથી. માટે વ્યાપવિશ્વ એ કોઈપણ સંશોધન માટે અગત્યનું છે. વ્યાપવિશ્વના આધારે જ અભ્યાસના વિભાગો, અભ્યાસના ક્ષેત્રો અભ્યાસના એકમો ક્યા ક્યા છે તે નક્કી કરી શકાય છે. પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વમાં અમદાવાદમાં આવેલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૫માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પાત્રો તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

## ૧૧. નિદર્શની પસંદગી

સંશોધનનો આધાર સમૂહના ક્યા નમૂના પરથી તે અભ્યાસ કરવામાં આવ્યો છે તેની પર રહે છે. આથી નમૂના પસંદ કરવાની રીત બહુ મહત્વની છે. અહીં સમગ્ર વ્યાપવિશ્વને નમૂના તરીકે લઈ શકાય નહી તે માટે વ્યાપવિશ્વમાંથી પ્રતિનિધિત્વ ધરાવતા પાત્રોનો નમૂનો લઈ તેના પર સંશોધન હાથ ધરવામાં આવે છે. પ્રતિનિધિરૂપ નમૂનો લેવા માટે નમૂના પાત્રોની પસંદગી પદ્ધતિસર કરવી પડે છે. સંશોધનની માહિતી પ્રાપ્ત કરવા માટે બહુ સમય અને ખર્ચ થાય છે. આથી સમય અને શક્તિના બચાવ માટે વ્યાપવિશ્વનું પ્રતિનિધિત્વરૂપ નમૂનો પસંદ કરવામાં આવે છે. પ્રસ્તુત અભ્યાસ અમદાવાદની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ-5ના વિદ્યાર્થીઓ પૂરતો મર્યાદિત હોવાથી અમદાવાદમાં સમાવેશ થતી શાળાઓ પૈકીનો છે. પસંદ થયેલી શાળાઓમાંથી ધોરણ-5ના વર્ગના વિદ્યાર્થીઓને ઝૂમખા પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવ્યા. આ પ્રમાણે 5 શાળાઓમાંથી કુલ 250 વિદ્યાર્થીઓનો(125 છોકરાઓ અને 125 છોકરીઓ) નિદર્શ તૈયાર કરવામાં આવ્યો હતો.

### ૧૨. સંશોધનની પદ્ધતિ

*અર્થપૂર્ણ શૈક્ષણિક સમસ્યાને ઓળખી અને શિક્ષણના કોઈપણ ક્ષેત્રમાં તેની સંરચના કર્યા બાદ તેના વિવિધ રીતે ઉત્તર આપી શકાય છે. કોઈપણ પ્રકારનું સંશોધન હાથ ધરવામાં આવે તે પહેલા ઉત્પન્ન થયેલી સમસ્યાના ઉકેલ માટે તેને અનુરૂપ પદ્ધતિનો વિચાર કરવો પડે છે. સંશોધન કરવા માટે અનેક પદ્ધતિઓ અસ્તિત્વમાં છે. જેમ કે,*

*-ઐતિહાસિક પદ્ધતિ -કારણ તુલનાત્મક -જૈવિક પદ્ધતિ*

*-વ્યક્તિ અભ્યાસ પદ્ધતિ પદ્ધતિનિરીક્ષણ પદ્ધતિ*

*-પ્રાયોગિક સંશોધન પદ્ધતિ -સર્વેક્ષણ પદ્ધતિ*

*એક જ સમયે વિશાળ નમૂનાના પાત્રો પાસેથી માહિતી એકત્રીત કરી સામાન્યીકૃત અવલોકનો કે આંકડાકીય માહિતી રજૂ કરવાની પદ્ધતિને સર્વેક્ષણ કહે છે.*

*પ્રસ્તુત અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલા નિદર્શમાં કુલ 250 વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. નિદર્શના પાત્રોની સંખ્યા વધારે હોવાથી તથા શબ્દભંડોળ કસોટી દ્વારા માહિતી પ્રાપ્ત હોવાથી આ સંશોધન સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું છે.*

### ૧૩. ઉપકરણની પસંદગી

*માહિતી એકત્રીકરણ કરવા માટે મુખ્યત્વે બે પ્રકારના સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. (1) સ્વનિર્મિત સાધન (2) તૈયાર સાધન*

**1. સ્વનિર્મિત સાધન**

*આ સાધનની રચના અન્ય કોઈ વ્યક્તિએ કરેલ હોય છે અને આ સાધનોનો ઉપયોગ તેના રચયિતા સિવાયના કોઈ સંશોધક પોતાના સંશોધન માટે કરે, ત્યારે તે સંશોધક માટે તૈયાર સાધન કહેવાય છે. આવા તૈયાર સાધનના બે પ્રકાર છે.*

**2. પ્રમાણિત સાધન**

*બિન પ્રમાણિત સાધનમાં તેની વિશ્વસનીયતા, યથાર્થતા માટે કોઈ ચોક્કસ ધોરણો પ્રસ્થાપિત હોતા નથી. જ્યારે પ્રમાણિત સાધનમાં તેની વિશ્વસનીયતા યથાર્થતા માટે કોઈ ચોક્કસ ધોરણો પ્રસ્થાપિત કરવામાં આવેલ હોય છે.*

*પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધકે સ્વનિર્મિત શબ્દભંડોળ કસોટીનો ઉપયોગ કર્યો છે.*

### ૧૪. માહિતી એકત્રીકરણ

*નિદર્શ પાસેથી માહિતી એકત્રીકરણ કરવાનું કામ જેટલું સરળ માનીએ છીએ તેટલું સરળ નથી. કારણ કે સામાન્ય રીતે આ કાર્યમાં સંશોધક સિવાય અન્યને રસ ઓછો હોય છે. આવા સમયે આ કામ ઉત્સાહ, ખંત, ધીરજ અને વિશ્વાસ માંગી લે છે. પ્રસ્તુત અભ્યાસમાં માહિતી એકત્રીકરણ માટે વ્યાપવિશ્વમાં દર્શાવેલી 8 શાળાઓ પસંદ કરવામાં આવી હતી. પસંદ કરેલી શાળાના આચાર્યશ્રીની મુલાકાત લઈ તેમની શાળાના વિદ્યાર્થીઓ પાસે પ્રશ્નાવલિ ભરાવવા માટેનો સમય મેળવ્યો. ત્યારબાદ તેમણે આપેલ સમયે શાળામાં જઈ સૌ પ્રથમ નિદર્શમાં પસંદગી પામેલ વર્ગમાં જઈ વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી અને વિદ્યાર્થીઓને તે કસોટી અંગેની સંક્ષિપ્ત માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને જ્યાં મુશ્કેલીઓ જણાઈ ત્યાં ઉદાહરણ દ્વારા તેમનામજણ પાડવામાં આવી. કસોટી લેવા માટે વિદ્યાર્થીઓને 45 મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ એકબીજામાંથી નકલ ન કરે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. નિરિક્ષણકાર્ય માટે સંશોધકને જે તે શાળાના શિક્ષકોએ પણ નિરિક્ષણકાર્યમાં મદદ કરી હતી. આમ 45 મિનીટનો સમય પૂરો થતા કસોટીઓ પરત મેળવવામાં આવી હતી.*

**૧૫. માહિતી વર્ગીકરણ અને પૃથક્કરણની પદ્ધતિ**

*માહિતી એકત્ર કર્યા પછી દરેક ઉત્તરપત્રને ચકાસવામાં આવ્યા હતા. આ રીતે ગુણાંકન કર્યા પછી પ્રાપ્તાંકોને વિદ્યાર્થીઓની જાતિ પ્રમાણે વર્ગીકૃત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સરાસરી, પ્રમાણ વિચલન અને ટી-ગુણોત્તર અને એફ-ગુણોત્તરની ગણતરી કોમ્પ્યુટર સોફ્ટવેર SPSS નો ઉપયોગ કરીને કરવામાં આવી હતી. જેના આધારે ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી.*

**૧૬. તારણો**

*પ્રસ્તુત અભ્યાસના તારણો નીચે પ્રમાણે છે.*

1.*સમગ્ર નમૂનાના વિદ્યાર્થીઓના શબ્દભંડોળના પ્રાપ્તાંકોની સરાસરી* 63.15 *છે જે દર્શાવે છે કે વિદ્યાર્થીઓનું શબ્દભંડોળનું જ્ઞાન મધ્યમ ગણી શકાય.*

2.*વિદ્યાર્થીઓના ગુજરાતી શબ્દભંડોળ કસોટી પરથી પ્રાપ્તાંકોની વિરૂપતાનું મૂલ્ય* 0.172 *છે. અર્થાત્ વિતરણ ઘન બાજુ વિરૂપ છે. તેથી કહી શકાય કે ઓછા પ્રાપ્તાંક મેળવનાઅર્થાત્ વિતરણ ફૂટકકુદ હતું.*

3.*વિદ્યાર્થીઓના શબ્દભંડોળની કક્ષા પર જાતિની અસર તપાસતા સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત ન હતો.*

4.*નિરક્ષર, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક, સ્નાતક અને અનુસ્નાતક, શિક્ષણ મેળવેલી માતાઓના સંતાનોના શબ્દભંડોળ કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરીઓ અનુક્રમે* 53.16, 57.48, 69.63, 71.54, 79.16, 87.20 *જોવા મળી. અર્થાત્ માતાના શિક્ષણનું સ્તર વધે તેમ તેના સંતાનોના શબ્દભંડોળની કક્ષાનું સ્તર પણ વધે છે. આમ, સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો છે.*

5.*નિરક્ષર, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક, સ્નાતક અને અનુસ્નાતક, શિક્ષણ મેળવેલ પિતાઓના સંતાનોના શબ્દભંડોળ કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરીઓ અનુક્રમે* 46.66, 54.79, 63.14, 72.08, 75.45, 78.40 *જોવા મળી. અર્થાત્ પિતાના શિક્ષણનું સ્તર વધે તેમ તેના સંતાનોના શબ્દભંડોળની કક્ષાનું સ્તર પણ વધે છે. આમ, સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો છે.*

6.*ઉચ્ચ શિક્ષિત માતા-પિતા અને નિમ્નશિક્ષિત માતા-પિતાના સંતાનોની શબ્દભંડોળની કક્ષામાં તફાવત જોવા મળે છે.*

**૧૭. સૂચનો**

**સામાન્ય સૂચનો**

*ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખતા વિદ્યાર્થીઓનું શબ્દભંડોળ વધારવા માટે શાળાએ, શિક્ષકોએ અને વિદ્યાર્થીઓએ નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.*

**1.શાળાના આચાર્યને સૂચનો**

*-શાળામાં નાટ્ય પ્રવૃત્તિ, કાવ્યગાન, કવિસંમેલન, સાંસ્કૃતિક કાર્યક્રમો, વક્તૃત્વ સ્પર્ધા, વાર્તાલાપ, હસ્તલિખિત, અંકનું પ્રદર્શન, સુલેખન જેવી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ યોજવી.*

**2.શાળાના શિક્ષકોને સૂચનો**

*-વિદ્યાર્થીઓના મનોવિકાસને અનુરૂપ ગીતો, વાર્તા, વાતચીત, વર્ણનો, સંવાદો વગેરે વિદ્યાર્થીઓને વારંવાર સાંભળવા મળે એવી તકો પૂરી પાડવી. વિદ્યાર્થીઓને મૌખિક અભિવ્યક્તિની તકો આપવી.*

*-વિદ્યાર્થીઓને વાચન પ્રતિ અભિમુખ કરવા. વિવિધ પુસ્તકો, સામયિકો,* **વર્તમાનપત્રો, વાંચવા પ્રેરવા.**

*-અનુલેખન કે શ્રુત લેખન કરાવવું.*

*-સમાનાર્થી શબ્દો, વિરોધાર્થી શબ્દો, શબ્દ સમૂહ માટે એક શબ્દ, રૂઢિપ્રયોગ, કહેવત વગેરે વર્ગશિક્ષણ દરમિયાન આપવા જોઈએ.*

*-શબ્દ ભેદ તારવી તેનો વાક્યમાં પ્રયોગ કરાવવો જોઈએ.*

*-જોડણીના ફેરફારથી શબ્દઅર્થમાં થતા ફેરફાર અંગે પરિચિત કરાવવા.*

*-વિવિધ શબ્દ રમતો રમાડવી જોઈએ.*

*-શિક્ષકે પોતાના કથનમાં નવીન શબ્દોનો ઉપયોગ કરવો.*

*-શબ્દોના ચાર્ટ તૈયાર કરાવી વર્ગમાં રજૂ કરવા.*

*-જોડણીકોશનો ઉપયોગ કરાવવો.*

*આમ શિક્ષક શબ્દભંડોળની સમૃદ્ધિ માટે ચિંતન કરતા રહી વિવિધ યુક્તિ, પ્રયુક્તિઓ વર્ગશિક્ષણ દરમ્યાન અને બાદ વપરાતો રહે તો શબ્દોને વિસ્તૃત કરતા રહેવાનો હેતુ સિદ્ધ થાય જ.*

**3.વિદ્યાર્થીઓને સૂચનો**

*-અન્ય વિષયના જેટલુ જ મહત્વ માતૃભાષાને આપવું.*

*-માતૃભાષા વિષયમાં રસ દાખવવો.*

*-વિવિધ પુસ્તકો, સામયિકો, વર્તમાનપત્રો વાંચવા.*

*-પ્રવચનો, રેડિયો, વાર્તાલાપ, ટી.વી. વાર્તાલાપનું શ્રવણ કરતા રહેવું.*

**4.વાલીને સૂચનો**

*-વિદ્યાર્થીઓના શબ્દભંડોળ પર ઘરના વાતાવરણની અસર પડી શકે છે. તેથી વાલીઓએ પોતાના સંતાનોને ઘરમાં એ પ્રકારનું વાતાવરણ પૂરું પાડવું.*

*-શિષ્ટ ભાષાને વધુ મહત્વ આપવું.*

## ૧૮. ભાવિ સંશોધન અંગેના સૂચનો

*ભાવિ સંશોધન અંગેના સૂચનો પૂરા થયેલા કાર્યની મર્યાદામાં ઉદ્ભવે છે. કોઈપણ અભ્યાસકર્તા સંશોધનકાર્ય શરૂ કરે ત્યારે એ જે પ્રક્રિયાઓમાંથી પસાર થાય એ દરમિયાનના અનુભવો અને મુશ્કેલીઓમાંથી ઘણા બધા મુદ્દાઓ દૃષ્ટિ સમક્ષ આવે છે. એ બધા મુદ્દાઓની ચકાસણી કરવાનો સમય સંશોધક પાસે હોતો નથી. છતાં આ મુદ્દાઓ ભાવિ સંશોધનની દૃષ્ટિએ અગત્યના હોઈ અન્ય સંશોધકને તેનો લાભ મળી રહે તે હેતુથી તેને નોંધવા યોગ્ય ગણાશે. આ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખી કેટલાક શક્ય એવા અભ્યાસો અહીં સૂચવવામાં આવ્યા છે.*

*-પ્રાથમિક કક્ષાના વિવિધ ધોરણોના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષાના શબ્દભંડોળ કસોટીની રચના અને યથાર્થીકરણ*

*-પ્રાથમિક કક્ષાના વિવિધ ધોરણોના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષાના શબ્દભંડોળનો અભ્યાસ*

*-પ્રાથમિક કક્ષાના વિવિધ ધોરણોના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષાના શબ્દભંડોળનો અભ્યાસ*

*-શહેરની ખાનગી અને સરકારી અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાના જુદી જુદી શ્રેણીના વિદ્યાર્થીઓના શબ્દભંડોળની તુલના અંગેનો અભ્યાસ.*

*-ગુજરાતી ભાષામાં સુવિચારો, સુભાષિતોના એકત્રીકરણ તથા વિમોચન દ્વારા શબ્દભંડોળનો અભ્યાસ હાથ ધરી શકાય.*

*-શબ્દભંડોળના અભ્યાસના સંદર્ભમાં જુદા જુદા પ્રકારના શબ્દકોષનો ઉપયોગ હાથ ધરી શકાય.*

*-વિદ્યાર્થીઓના અપેક્ષિત શબ્દભંડોળ તથા પ્રવર્તમાન શબ્દભંડોળના તફાવત અંગે નિદાન ઉપચાર હાથ ધરી શકાય.*

## ૧૯. શૈક્ષણિક ફલિતાર્થ

*પ્રસ્તુત અભ્યાસમાં ઉપયોગમાં લેવાયેલ શબ્દભંડોળ કસોટીનો ઉપયોગ નીચેના જેવા પ્રશ્નો હલ કરવામાં થઈ શકે.*

*-શાળામાં ભણતા વિદ્યાર્થીઓમાં તેજસ્વી, સામાન્ય નિમ્નકક્ષાના વિદ્યાર્થીઓને અલગ તારવવા માટે શિક્ષક તેનો ઉપયોગ કરી શકે.*

*-વિદ્યાર્થીઓની શબ્દભંડોળની કક્ષા જાણી વધારાના શક્ય તેટલા પ્રયત્નો કરવામાં શિક્ષક તથા વાલીને આ કસોટી ઉપયોગી થઈ શકે.*

*-ભાવિ શિક્ષણકાર્યને અસરકારક બનાવવા તથા વિદ્યાર્થીઓને વધુ અનુકૂળ બનાવવા વિષય શિક્ષક આવી કસોટીનો ઉપયોગ કરી શકે.*

*-વિદ્યાર્થીઓની ગુજરાતી શબ્દભંડોળ કક્ષાનું માપન કરી પરિણામ પરથી વિદ્યાર્થીઓની ભવિષ્યની સિદ્ધિનું અનુમાન કરવામાં શિક્ષક તથા વાલીને આ કસાટી ઉપયોગી બની શકે.*

## ૨૦. ઉપસંહાર

*પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતી ભાષાના શબ્દભંડોળનો અભ્યાસ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સમગ્ર અભ્યાસ દ્વારા જોક રહીત વર્તન રહ્યું હતું. આ ક્ષેત્રે વધુ સંશોધન હાથ ધરાય તે જરૂરી છે. પ્રસ્તુત અભ્યાસના નિષ્કર્ષો વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્ય, નિષ્ણાંતો, વાલીઓને યથાયોગ્ય ઉપયોગી થશે. તે પ્રકારની સંશોધકની અપેક્ષા વધુ પડતી નહીં લેખાય તેમ સંશોધકનું માનવું છે અને ભવિષ્યમાં કોઈપણ સંશોધક આ સંશોધનને પાયાની એક ઈંટ ગણીને તે દિશામાં આગળ નવું ચણતર હાથ ધરે તો સંશોધકને ખૂબ જ આનંદ થશે અને તે જ આ સંશોધનની એક નમ્ર ફલશ્રુતિ ગણાય.*

## સંદર્ભસૂચિ

1. Agrawal, J.C. (1966). “Education Research an Introduction”, New Delhi: Arya Book Depot.
2. Best, John W. & Khan, J. V. (1995). “Research Methodology Education” Prentice Hall of India, Pvt. Ltd.
3. Kerlinger, Fred. N. (1966). “Foundation of Behavrioural Research”, (Secound Edition) Surjet Publication, New Delhi.
4. Keshavram K. Shastri, (1966). Comprehensive Gujarati Dictionary (University Ganth Nirman Board), Ahmedabad.
5. Kulbirsign Siddhu, (1984). Methodology of Research in Education, New Delhi: Sterling Publisher Pvt. Ltd.
6. *ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ* (2005). *ગુજરાતી, ધોરણ*-5, *ગાંધીનગર વિદ્યાભવન, સેક્ટર*-10 *એ*
7. *ગુજરાત વિદ્યાપીઠ* (2003). *સાર્થ ગુજરાતી જોડણીકોશ, અમદાવાદ : કાર્યકારી કુલસચિવ, ગુજરાત વિદ્યાપીઠ*
8. *પટેલ, એ.એમ. પ્રાયોગિક અને સુષુપ્ત કાર્યોની ગુરુચાવી (વલ્લભ વિદ્યાનગર : પ્રકાશ લિ.)*
9. *રાવલ, એન. વી. ઉપેન્દ્રભાઈ પાઠક, ઈશ્વરભાઈ વાઘેલા અને સ્મિતાબેન ડી. ત્રિવેદી,* (2007). *ગુજરાતી (માતૃભાષા)નું અભિનવ અધ્યાપન, નીરવ પ્રકાશન.*
10. *શાહ, દિપીકા ભદ્રેશ* (2004). *“શૈક્ષણિક સંશોધન” યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ*-6.